# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૯/૧/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ)

---

# કોરીયાના ડિફેન્સ મિનિસ્ટર અને એમ્બેસેડર ચેમ્બરની મુલાકાતે

સુરત. કોરીયાના ડિફેન્સ મિનિસ્ટર અને એમ્બેસેડર સહિતના એક ડેલીગેશને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. કોરીયાના ડેલીગેશને સુરતના મહત્વના ઉદ્યોગ વિશેની માહિતી મેળવી હતી.

કોરીયાના ડિફેન્સ મિનિસ્ટર શ્રી વાન્ગ જન્ગ હોન્ગ, એમ્બેસેડર શ્રી બોન્ગ – કીલ શીન અને શ્રી યૂ ચાન્ગ હો (મિનિસ્ટર કાઉન્સીલર ફોર ડિફેન્સ અફેર્સ) તેમની ટીમ સાથે આજરોજ ચેમ્બરની મુલાકાતે આવ્યા હતા. ગુજરાતમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતનો બેલ્ટ ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઉદ્યોગ માટે ઘણો મજબુત હોવાનું કહી તે વિશે વધુ માહિતી જાણવાની ઉત્કંઠા તેઓએ વ્યકત કરી હતી. આથી ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ તેઓને સુરતના મહત્વના ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઉદ્યોગ વિશેની માહિતી આપી હતી.

કોરીયાના એમ્બેસેડર શ્રી બોન્ગ – કીલ શીને વેપાર ઉદ્યોગ વિશે સુરત જોડે સહકાર વધારીશુ તેમ જણાવ્યુ હતુ. જયારે કોરીયાના ડિફેન્સ મિનિસ્ટર શ્રી વાન્ગ જન્ગ હોન્ગે સુરક્ષાના મામલે ચર્ચા કરી હતી. અંતમાં ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી કેતન દેસાઇએ તમામનો આભાર માન્યો હતો. કોરીયાના ડિફેન્સ મિનિસ્ટર અને એમ્બેસેડરે સુરતમાં શ્રીરામકૃષ્ણ ડાયમંડ ફેકટરી અને લક્ષ્મીપતિ સારીઝ કંપનીની પણ મુલાકાત લીધી હતી.